


## તમારા ભવિષ્યને રક્ષણ આપો આની સાથે

# એટર્નીની મજબૂત શક્તિ

જીવન ક્ષણભંગુર હોઈ શકે છે – એન્ડયોરિંગ પાવર ઑફ એટર્નીનો અર્થ એ થાય કે જો તમે તમારા માટે નિર્ણય નથી લઈ શકતા તો તમે તમારા મનને શાંત કરવા માટે તમે જેના ઉપર વિશ્વાસ કરતા હોવ એ તમારા માટે નિર્ણય લેશે

# એટર્નીની મજબૂત શક્તિ (ઈ.પી.એ.) શું છે?

*એક એટર્નીની મજબૂત શક્તિ (EPA) એ એક કાનૂની દસ્તાવેજ છે જે તમારું રક્ષણ કરી શકે છે અને તમારા માટે કિમતી છે.*

જીવન ક્ષણભંગુર હોઈ શકે છે, માટે એક EPA સાથે પોતાના ભવિષ્યને સુરક્ષિત બનાવવા વિષે વિચારવું એ દરેક માટે મહત્ત્વનું છે. તમે જ્યારે એક EPAની સ્થાપના કરો છો ત્યારે તમે એવી વ્યક્તિની પસંદગી કરો છો જેમની પર તમે તમારા વિષે નિર્ણય લેવા વિશ્વાસ મૂકી શકો છો જો તમે પોતે હવે આમ કરવાની સ્થિતિમાં ન હોવ. તમારા EPA જરૂર પડ્યે, તમારા વિષે નિર્ણયો લેવા અદાલતી આદેશ મેળવવાના ખર્ચ અને પીડામાંથી તમારા પરિવારને બચાવશે.

**બે પ્રકારના EPA હોય છે:**

- એક જે તમારી **સંપત્તિને** (તમારા નાણાં અને અસ્ક્યામતો) રક્ષણ આપે અને તમે માનસિક સક્ષમતા ગુમાવો તે પહેલાં અસરમાં આવે.
- જ્યારે બીજા તમારી **અંગત કાળજી અને કલ્યાણને** રક્ષણ આપે છે અને ફક્ત એવા સમયે અમલમાં આવે છે જ્યારે જો કોઈ તબીબી વ્યાવસાયિક નિર્ણય લે છે કે તમે ‘માનસિક અસક્ષમ’ બની ગયા છો.

આનો મતલબ એ થયો કે ફક્ત એ વ્યક્તિ અથવા લોકો જેમની પર તમને વિશ્વાસ છે – તમારા એટર્ની/ઓ જ તમારા જીવન અને/અથવા તમારી મૂલ્યવાન સંપત્તિઓ, જેવી કે તમારા નાણાં, મકાન તથા અન્ય સંપત્તિ વિષે નિર્ણય લઈ શકે છે.

## એક એટર્ની શું કરે છે?

*એકવાર EPAને એક્ટિવેટ કરાય, એટલે તમારા એટર્ની (અથવા એટર્નીઓ) તમારી કાળજી અને કલ્યાણ, અને તમારી સંપત્તિ (નાણાકીય બાબતો સહિત) વિષે સૌથી વધુ નિર્ણયો લઈ શકે છે.*

તમારે નિર્ણય લેવાનો કે જો તેમની સત્તા તમારી કાળજીની તમામ બાબતો કે પછી માત્ર તેના અમુક ભાગ પૂરતી જ લાગુ રહેશે. એવી અમુક બાબતો છે – જેવી કે લગ્ન, છુટાછેડા, કોઈને દત્તક લેવા અથવા જીવન-બચાવનારી તબીબી સારવાર વગેરેમાં એક એટર્ની પાસે નિર્ણય લેવાની કોઈ સત્તા નથી.

તમારા એટર્નીની (અથવા એટર્નીઓ) મુખ્ય જવાબદારી તમારા શ્રેષ્ઠ હિતમાં કામ કરવાની છે, અને તમે સક્ષમ હોવ તેટલી હદે તમારા નિર્ણયને પણ તેમાં સામેલ કરવાના રહે છે. જો તમે અથવા તમારા પરિવારને એટર્નીની વર્તણૂક અંગે સંશય હોય, તો મદદ માટે કૌટુંબિક કોર્ટમાં અરજીઓ કરી શકાય છે.

## એટર્ની કોણ હોઈ શકે?

*તમારા એટર્ની એવી કોઈ પણ વ્યક્તિ હોઈ શકે છે જેમના પર તમને વિશ્વાસ હોય અને જે તમારી લાગણીઓ અને ઈચ્છાઓનું સન્માન કરતા હોય. તમે તમારા એટર્નીની કાળજીપૂર્વક પસંદગી કરો એ મહત્વપૂર્ણ છે.*

સામાન્ય રીતે તેઓ એક મિત્ર અથવા પરિવારજન, એક સહકર્મચારી, અથવા તો પબ્લિક ટ્રસ્ટ (ફક્ત સંપત્તિ EPA માટે જ) જેવા ટ્રસ્ટી કોર્પોરેશન પણ હોઈ શકે છે. તેમની ઉંમર 20 વર્ષથી વધુ હોવી જોઈએ, અને નાદાર ન હોવા જોઈએ તેમજ માનસિક રીતે સ્વસ્થ હોવા જોઈએ.

તમે તમારી **અંગત કાળજી અને કલ્યાણ** EPA માટે ફક્ત એક એટર્ની ધરાવી શકો છો, જ્યારે તમે તમારી **સંપત્તિ** EPA માટે એક કરતા વધુ એટર્ની ધરાવી શકો છો જેઓ ચોક્કસ ક્ષેત્રોની કાળજી રાખવા ભિન્ન કૌશલ્ય ધરાવતા હોય છે. તમે EPA નિર્ણયો અંગે તમારા એટર્ની સાથે પરામર્શ કરવા તમારી ઈચ્છા મુજબ અન્ય લોકોના નામ પણ આપી શકો છો.

## કેવી રીતે હું એક EPA મેળવી શકું?

તમે જ્યારે તમારા એટર્ની વિષે અને તમે તેઓ પાસે શું અપેક્ષા રાખો છો તેનો નિર્ણય લઈ લો છો, એટલે તમારે એક વકીલ, લાયકાત ધરાવતા કાનૂની એક્ઝિક્યુટિવ અથવા એક ટ્રસ્ટી કોર્પોરેશનના (પબ્લિક ટ્રસ્ટ જેવા) પ્રતિનિધિની તમારા સાક્ષી રહેવા માટે વ્યવસ્થા કરવાની જરૂર પડે છે. તેઓ સુનિશ્ચિત કરશે કે તમે તમારા તમામ વિકલ્પો, EPA દસ્તાવેજોનો મતલબ શું થાય અને તે તમામ કાનૂની જરૂરિયાતો પરિપૂર્ણ કરે છે કે કેમ તે સમજો.

એક EPAની રચના કરવાથી ખર્ચ આવે છે પરંતુ આ ખર્ચને ઘટાડવાના રસ્તા છે – સૌથી મહત્ત્વનું, સુસ્થાપિત રહેવાનું છે જેનો મતલબ એ થશે કે પ્રક્રિયામાં ઓછો સમય લાગે અને આ કારણે ખર્ચ પણ ઘટી શકે છે.

કેટલાક કાનૂની વ્યાવસાયિકો સુપરગોલ્ડ કાર્ડ ડિસ્કાઉન્ટ ઓફર કરે છે, અને તમે તમારી વિલ બનાવી રહ્યા હોવ ત્યારે EPAને બનાવે છે અથવા અન્ય બાબત વિષે તમારા વકીલને મળવાની જરૂરથી પણ તમને ખર્ચ બચાવવામાં મદદ મળી શકે છે.

## શું હું મારા EPAને બદલી શકું છું?

તમે માનસિક સક્ષમ હોવ ત્યારે કોઈ પણ સમયે તમારા EPAને બદલી શકો છો અથવા તેમની સેવાનો અંત કરી શકો છો.

એક એટર્ની નાદાર, માનસિક અસક્ષમ થાય, કોઈ અંગત કે સંપત્તિ કોર્ટના આદેશનો વિષય બને, અથવા કૌટુંબિક કોર્ટ તેમની નિમણૂંકને રદબાતલ ઠેરવે ત્યારે પોતાની સત્તા ગુમાવી બેસે છે. એક EPA ત્યારે પણ નિષ્ક્રિય બની જાય છે જ્યારે જો તમારું અથવા તેમનું મૃત્યુ થાય. તમારા એટર્નીનું મૃત્યુ થવાના સંજોગોમાં તમે કામગીરી સંભાળવા એક અથવા વધુ એટર્નીની નિમણૂક કરી શકો છો.

# એક EPAની સ્થાપનાની તૈયારી

*એક EPAની સ્થાપના કરવા માટે તમારે અમુક આદર્શ ફોર્મ્સ ભરવાના રહે છે. તમે તેને કોઈ પણ કાનૂની પરામર્શક અથવા તો* www.msd.govt.nz/epa *પરથી મેળવી શકો છો.*

તમે તમારા કાનૂની પરામર્શકને મળો તેના પહેલાં આટલું વિચારો:

1. તમે કોને તમારા એટર્ની/એટર્નીઓ બનાવવા માંગો છો અને તેઓ તમારા વતી શું કરે અને શું ન કરે તેવું ઈચ્છો છો.
2. તમારા એટર્ની/એટર્નીઓની સહાય કેવી રીતે આપી શકાય – શું તમે અન્ય વ્યક્તિ, જેવા કે પરિવારજનો, મિત્રો, એક હિસાબનીશ અથવા સોલિસિટરના નામ આપી શકો છો જે તમારા એટર્નીને સલાહ આપે?
3. તમારી માલિકીની મુખ્ય ચીજો, તમારી માલિકીના નાણાં, અને કોઈ પણ દેવાની એક યાદી બનાવવી.
4. તમે EPAની એક નકલ બીજા કોને આપી શકો – તમારા તબીબ, તમારી બેંક, અથવા પરિવારજનો?
5. તમે તમારા સંપત્તિ EPAને ક્યારે અસ્તિત્વમાં લાવવા માંગો છો – એક તારીખ, એક સમયાવધિ, અથવા જ્યારે તમને ‘માનસિક અસક્ષમ’ જાહેર કરાય.
6. કેવી રીતે તમારા એટર્ની/એટર્નીઓ પર નિરીક્ષણ રાખી શકાય, જેમ કે તમારા નાણાકીય રેકર્ડ પર દેખરેખ રાખવા અન્ય વ્યક્તિની નિમણૂક કરીને અથવા તો બેંક સ્ટેટમેન્ટની નકલો મેળવીને અથવા ચોક્કસ નિર્ણયો વિષે માહિતી મેળવીને. યાદ રાખો કે તમે તમારા સંપત્તિ EPA માટે બીજા એટર્નીની નિમણૂક પણ કરી શકો છો, જેનાથી નિરીક્ષણમાં મદદ મળી શકે છે.
7. તમે એટર્ની તરીકે જોડાવા અન્ય વ્યક્તિની નિમણૂક કરવા માંગો છો કે કેમ જો તમારી પ્રથમ પસંદગીને કાંઈ થાય.

## હું વધુ વિગતો ક્યાંથી મેળવી શકું?

વધુ માહિતી, સલાહ અને EPA સંસાધનો માટે સામાજિક વિકાસ મંત્રાલયની વેબસાઈટ www.msd.govt.nz/epa પર મેળવી શકાય છે અથવા તો તમારા સ્થાનિક સિટિઝન્સ એડવાઈસ બ્યૂરો, પબ્લિક લાયબ્રેરી, કોમ્યુનિટી લો સેન્ટર, અથવા એજ કન્સર્નની મુલાકાત લેવી અથવા તમારા કાનૂની વ્યાવસાયિકનો સંપર્ક કરવો.

માહિતી 0800 273 674 પર કોલ કરીને પણ મેળવી શકાય છે.

Protect your Future
msd.govt.nz/epa

OFFICE FOR SENIOR CITIZENS
TE TARI KAUMĀTUA
*Administered by the Ministry of Social Development*

New Zealand Government

Gujarati